# Day to Day Current Affairs

**30, Nov 2015**

## ૧. પી.વી.સિંધુ – બેડમિંટન :

- તાજેતરમાં ભારતીય બેડમિંટન સ્ટાર પી.વી.સિંધુએ મકાઉ ઓપન ચેમ્પિયનશીપ જીતી લીધી હતી.
- ફાઈનલમાં સિંધુએ જાપનની મિનાન્સુ મિતાનીને પરાજય આપ્યો હતો.
- આ સાથે સિંધુ મકાઉ ઓપનમાં સતત ત્રીજી વાર ચેમ્પિયન રહી. આ પહેલા તે વર્ષ 2013 અને 2014 માં પણ ચેમ્પિયન બની હતી.
- આ વર્ષે સિંધુનું આ પ્રથમ ટાઈટલ છે.

## ૨. સુનિલ નારાયણ –વેસ્ટ ઈન્ડીઝ બોલર :

- વેસ્ટ ઈન્ડીઝના ઓફ સ્પિનર સુનિલ નારયણની બોલિંગ એકશન શંકસ્પદ જણાતા આઈસીસી દ્વારા બોલિંગ નાખવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.
- આઈસીસીના 15 ડીગ્રી કોણી વળવાના નિયમ કરતાં વધુ વળતી હોવાથી આ નિર્ણય લેવાયો છે.

## ૩. એશિયાનું પ્રથમ શ્વાસનળી ટ્રાન્સપ્લાન્ટ ભારતમાં થયુ :

- તાજેતરમાં એશિયામાં પહેલી વખત શ્વાસનળીનું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં સફળતા મળી છે.
- આ સફળ ટ્રાન્સપ્લાન્ટ ભારતમાં કોચી સ્થિત રિસર્ચ સેન્ટરમાં થયું.
- આ પહેલા એશિયામાં કયારેય શ્વાસનળીનું ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરવામાં આવ્યું નથી.
- શ્વાસનળીનું કેન્સર થાય તો ટ્રાન્સપ્લાન્ટ સિવાય બીજો કોય વિકલ્પ રહેતો નથી.
- વિશ્વમાં પહેલી વખત શ્વાસનળીનું ટ્રાન્સપ્લાન્ટ સ્પેનના ડૉ. પાઓલો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

Vivekanand Academy, Gandhinagar